# Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat


નં. કેસીજી/શોધ/૨૦૨૫-૨૬/ 2405 તા.૧૭/૦૨/૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ યુનિવર્સિટી,

ગુજરાત રાજ્ય

**વિષય:** શોધ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત નવી અરજીઓ મંગાવવા માટેની માહિતી તમામ પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ/સંલગ્ન સંસ્થાઓને આપવા બાબત

માન. સાહેબશ્રી,

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે આર્થિક સહાય પૂરી પાડવા "શોધ" (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા માટે આર્થિક સહાય મળવાથી આવક કે નાણાંકીય ઉપાર્જન કરવાનો પ્રશ્ન રહેશે નહીં. આ આર્થિક સહાય દ્વારા તેઓ જરૂરી પુસ્તકો અને નાના ઈક્વિપમેન્ટની ખરીદી કરી શકે છે તથા ટ્રાવેલ અને ફિલ્ડ વર્ક કરી અલગ અલગ સ્થળે રૂબરૂ મુલાકાત લઇ ગુણવત્તાયુક્ત પી.એચ.ડી. માટે થીસીસ રજુ કરી શકશે. જેના કારણે રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રેરણા મળશે. નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત અરજી કરી શકે છે.

1. <u>વિદ્યાર્થીએ કોઈ પણ વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ.</u> જેમાં એસસી./એસ.ટી./ઓ.બી.સી. (નોનક્રીમીલેયર)/ ડીફરન્ટલી એબલ્ડ કેટેગરીના વિદ્યાર્થીઓને ૦૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય)ની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
2. વિદ્યાર્થીએ <u>ગુજરાતની માન્ય સરકારી, સેક્ટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧-૦૭-૨૦૧૮ પછી પ્રવેશ નિશ્ચિત કરાયેલ હોવો જોઈએ.</u> રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓના વિદ્યાર્થીઓને આ લાભ મળશે નહી.
3. વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની અન્ય કોઈપણ સંશોધન શિષ્યવૃત્તિ (જેમકે યુજીસી રીસર્ચ ગ્રાન્ટ, રાજીવ ગાંધી ડોક્ટોરલ ફેલોશિપ, મૌલાના આઝાદ ડોક્ટોરલ ફેલોશિપ, ICSSR/ ICAR/ CSIR/ ICPR/ ICMR/ ICHR કે અન્ય કોઈ સ્કોલરશીપ મેળવેલ હશે તો આ યોજના અંતર્ગત સહાય મેળવવા પાત્ર રહેશે નહી.
4. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈપણ રીતે કામગીરી બજાવતો કે આવક મેળવતો ન હોવો જોઈએ. પીએચડી કરતાં વચ્ચેના સમયમાં નોકરીમાં જોડાશે કે અન્ય સ્કોલરશિપ મળશે તો જે તે સમય સુધી પ્રાપ્ત થયેલ રકમ ઠરાવ અનુસાર પરત કરવાની રહે છે.
5. કોઈપણ વિદ્યાર્થી જો રાજ્યની સરકારી/ ખાનગી/ સેક્ટોરલ યુનિવર્સિટીમાં ફૂલ ટાઈમ પી.એચ.ડી. કરતો હોય અને તેની પોતાની કોઈ આવક/પગાર ન હોય તે આ યોજના નીચે સમાવિષ્ટ રહેશે.
6. પી.એચ.ડી. રજીસ્ટ્રેશન યુ.જી.સી.ના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ થયેલ હોવું જોઈએ.


Pragna Puram Campus, Opp. PRL, Between Govt. Girls Polytechic and L.D College of Engineering, Navrangpura, Ahmedabad-380015.
Ph. +91 7926302067 E-mail : info-kcg@gujarat.gov.in www : kcg.gujarat.gov.in

આ યોજના અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઠરાવની નકલ તથા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે ઓનલાઈન અરજીઓ તા.૧૯/૦૨/૨૦૨૬ થી ૦૪/૦૪/૨૦૨૬ સુધી મંગાવવા માટેની જાહેરાત આ સાથે આપના સંદર્ભ અર્થે સામેલ રાખી મોકલી આપેલ છે.

આ યોજનાની માહિતી વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે તથા ધોરણો અનુસાર લાયકાત ધરાવતા તમામ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તે માટે આપની યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ અને યોજનાની જોગવાઈઓ અનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આ યોજના અંગેની માહિતી મળી રહે તે તમામ વ્યવસ્થા કરવા વિનંતી છે. તથા તમામ સોશિયલ મીડિયા/ અન્ય માધ્યમો દ્વારા પ્રચાર પ્રસાર કરવા અનુરોધ છે. આ માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. આપની યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી. કોર્સ ચલાવતાં તમામ વિભાગોને પણ આ અંગેની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા તે માટે આપશ્રીને વિનંતી છે. તથા આ જાહેરાત આપની યુનિવર્સિટીની વેબસાઈટ પર તેમજ તમામ પી.એચ.ડી. કોર્સ ચલાવતાં તમામ વિભાગો તેમજ સંલગ્ન કોલેજોમાં પણ પ્રદર્શિત થાય તેવી વ્યવસ્થા ઉભી કરવી કે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ લાભાન્વિત થઇ શકે.

વધુમાં શિક્ષણ વિભાગ દ્વારા મળેલ સૂચના અનુસાર તથા તા.૧૧/૦૨/૨૦૨૬ના રોજ શોધ નોડલ ઓફિસર્સની મીટીંગમાં થયેલ ચર્ચા અનુસાર, યોજના અંતર્ગત લાભ મેળવવા અરજી કરતાં વિદ્યાર્થીઓની સંશોધન દરખાસ્તમાં મૌલિકતા (originality) અને સાહિત્યચોરી (Plagiarism) તપાસવા માટે Plagiarism રીપોર્ટ રજૂ કરવાનો રહેશે. આથી આ વર્ષ તથા ભવિષ્યમાં લેવામાં આવનાર અરજીઓમાં સંશોધન સામગ્રીની મૌલિકતા સુનિશ્ચિત કરવા અને સંશોધન દરખાસ્તોમાં AI-જનરેટેડ સામગ્રીના ઉપયોગને રોકવા માટે, SHODH યોજના હેઠળ લાભ મેળવવા માટે Anti-plagiarism report રજૂ કરવો ફરજિયાત છે. તે મુજબ, આપની યુનિવર્સિટીમાંથી જે વિદ્યાર્થીઓ યોજના અંતર્ગત અરજી કરે તેઓની UGC/INFLIBNET દ્વારા મંજૂર કરાયેલ અધિકૃત anti-plagiarism report ફરજીયાત અપલોડ કરવાનો રહેશે. તેની તમામ અરજીકર્તા વિદ્યાર્થીઓને જાણ કરવા વિનંતી.

આભાર સહ,

મેમ્બર સેક્રેટરી,
શોધ યોજના

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## :: પરીપત્ર ::

કુલસચિવ વતી

ક્રમાંકઃ પીજી/૩૬૪૯/૨૦૨૬

તા. ૧૮/૦૨/૨૦૨૬

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલ્ગન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...

(૨) યુનિવર્સિટી પરીસર ખાતેના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ/ સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ તરફ...

# Knowledge Consortium of Gujarat, Ahmedabad

Opp. PRL, Nr. L. D. College of Engineering, Navarangpura, Ahmedabad - 380009

## ScHeme Of Developing High quality research (SHODH)
## Inviting online Applications for the Year 2025-26

The Scheme of Developing High Quality Research -SHODH was initiated by Education Department, Govt. of Gujarat via Resolution No.BJT/2019Kh1 dated 05-08-2019. to provide financial assistance to research scholars pursuing full-time Ph.D. course from the universities of Gujarat to carry out qualitative research. Students fulfilling the eligibility criteria of aforementioned GR may apply online through https://shodh.gujarat.gov.in/ website from 19/02/2026 to 04/04/2026, 18.00 hrs. To avail benefits under the scheme for the year 2025-26. For additional information, please visit the SHODH website or call on helpline number 9979200152 or email us on shodhsupport-kcg@gujgov.edu.in during working hours.

INF-ABD-1917-26

CEO, KCG